# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૫ ● સળંગ અંક : ૩૧૫ ● તા.૨૨ જૂન થી ૨૮ જૂન ૨૦૨૪


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## શ્રી પાર્શ્વશાંતી પ્રસાદનાં પુન:પ્રતિષ્ઠા ઐતિહાસિક મહોત્સવની આછેરી ઝલક



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# જિંદગી એક અઘરી જીવન યાત્રા

જિંદગીને એક સફર યાત્રા કે પ્રવાસ સમજીએ તો સતત ચાલતા રહેવાની આ પ્રક્રિયા છે. યાત્રાનો રોમાંચ છે. તો સગવડ અગવડથી ખેડાતો પ્રવાસ છે. આસાન રસ્તા, કપરી પરિસ્થિતિ અને અગણિત મુસીબતોની આ સફર ક્યારે આપણામાં આત્મવિશ્વાસ ભરી દે છે તો, ક્યારેક સંપૂર્ણ હતોત્સાહ કરી આપણને ભાંગી નાંખે છે. એક ખુશ નસીબ પળ આવવાથી આપણી અંદર એક નવી ઊર્જા ઉત્પન્ન થઈ જાય છે. જે આગળ તરફ વધવાનું ઈંધણ પૂરૂ પાડે છે.

જીંદગીને બહેતર બનાવવી કે બદતર તે આપણા હાથમાં છે. જિંદગીમાં જીવન યાત્રા દરમ્યાન જે કંઈ પણ થતું હોય, સારૂ કે નરસું એના જવાબદાર આપણે હોઈએ છીએ. પણ આપણાથી એનો સ્વીકાર થતો નથી અને તેના દોષ બીજા પર ઢોળી દઈએ છીએ. સફરમાં જોડાતા સાથીઓ, કે અધ વચ્ચે સંપર્કમાં આવતા પ્રવાસીઓ મનમેળ થાય આત્મીયતા કેળવાય એ આપણા સ્વભાવની સરળતા છે. સંબંધો સાચવવાની આપણી કુશળતા દર્શાવે છે. પણ જો તેની સાથે મતભેદ થાય, વિચાર ભેદથી કુમેળ સર્જાય તેનો સાથ તેનો સહવાસ તે આપણી સામે હોય તો પણ આપણને ખટકે તો એ આપણી નિષ્ફળતા છે. આપણી સંબંધો સાચવવાની નાકામિયાબિ છે. સંબંધો સાચવવા અને એનું સંવર્ધન થાય, એનું જતન થાય એવી સતત કાળજી રાખીએ. માહોલ જાળવી રાખીએ એ આપણો ધર્મ, સ્વભાવ હોવો જોઈએ. સામેવાળા તરફ આપણે કેવી કાળજી ધરાવીએ છીએ. આનાથી આપણી કાળજી સંબંધ પ્રત્યેની આપણી ફિકર સામે આવે છે.

જિંદગી એક કસોટી છે. પરીક્ષા છે. પરખ છે. એને બેસ્ટ બનાવવા, એને સરળ કે આસાન બનાવાની જવાબદારી નિભાવવી આપણી ફરજ છે. આ ફરજ આપણે સફળતાથી બજાવીએ તો જે ખુશી અને સંતોષ મળશે. એ અમાપ હશે અવર્ણનીય હશે. કારણકે ત્યારે જ આપણી આંતરીક શક્તિનો શું ગજું છે. તેનું માપ આપણને મળશે. કુદરતે બધાને સમજ અને શક્તિ ભરપૂર આપ્યા છે. માત્ર એને સારી રીતે, યોગ્ય સ્થળે અકસીર પણે આપણે વાપરીએ તો જિંદગીની સફળતા હાથવેંતમાં પામીએ શકીએ છીએ.

લક્ષ્ય બનાવીને આપણે રસ્તે ચાલીએ, ભલે એકલા હોઈએ. લોકો સાથે આવે કે ન આવે કોઈનો સાથ મળે કે ન મળે. લક્ષ્યને સાધવાની આપણે લડાઈ ભલે એકલાં લડીએ. આનાથી ભવિષ્યનું ઘડતર થશે અને ઉપર ચડવાનું એક ઓર પગથિયું બનશે.

જિંદગીની દોડમાં આપણે પડશું ભાંગશું કે ઘવાઈ શું  પણ ઝઝૂમવાની તાકાત કેળવીશું તો ફિનિક્સ પક્ષીની જેમ ઊભા થઈ ફરી સામનો કરવા સજ્જ થઈ શકીશું. 'યા હોમ કરીને પડો ફતેહ છે. આગે' એવા નિર્ધાર એવો સંકલ્પ મંત્ર આપણી તાકાત બની રહે છે. જિંદગીની યાત્રા અઘરી છે. વિકટ છે એ ખરું પણ, એને આસાન બનાવવી આપણા હાથમાં છે. અઘરી જીવન યાત્રાને સરળ સપાટ બનાવી શકીએ એ આપણી સફળતા છે. સિદ્ધિ છે. જે આપણે પામીએ.

– જય જ્ઞાતિમૈયા

# લોભ અને મોહથી છૂટવું દુષ્કર છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

મોહ અને આસક્તિ એવી લાગણી છે. જેના લીધે આપણે નાની, નકામી વસ્તુઓ સાથે બંધાઈ જઈએ છીએ. પછી એનાથી છૂટવું મુશ્કેલ બને છે. લોભી ધનથી બંધાયેલો રહે છે. તે રૂપિયાનું સતત રટણ રટયા કરે છે. દાન આપ્યા પછી તમે તેને યાદ કર્યા કરો સૌને કહેતા ફરો એ સાચું દાન નથી. દાન તો આપીને ભૂલી જવાનું હોય છે. ત્યાગ કરીને મનથી મુક્ત થવાનું જ્ઞાનીઓ કહે છે. કોઈના પર કરેલ ઉપકારને વારેવારે યાદ કરવું એ પણ ખોટું છે.

એક સંત પોતાના પ્રવાસનમાં ત્યાગનો મહિમા સમજાવતા હતા. ત્યારે શ્રોતાઓના સમૂહમાંથી કોઈએ અમારી પાસે એવું સારું કોઈ ઘર નથી મોટું ખેતર નથી. બહુ બધા ઢોર ઢાંખર નથી. પત્ની પાસે મૂલ્યવાન કપડાં લતા નથી કે નથી સોનાના આભૂષણ તો શેનો ત્યાગ કરીએ? ત્યારે સંતએ કહ્યું કે ભલે તમારી પાસે કોઈ નથી તોય તમે ત્યાગ કરી શકો છો. શ્રોતાઓ સંતના બોલ સાંભળી અવાચક થઈ ગયા. હેરત ભાવે તેમણે ફરીથી સવાલ કર્યો ત્યાગ, પણ કેવી રીતે? સંતે શાંત ભાવે કહ્યું તમારી પાસે જે નથી તે ભાવ નાનો ત્યાગ કરો અને સમજો કે તમારી પાસે ઘણું બધું છે. ગરીબમાં ગરીબ માણસ પણ પોતાની પાસે અલ્પ માત્રામાં હોય તેમાંથી લગરીક બીજાને આપી ત્યાગ ભાવના દાખવી શકે છે. જે વસ્તુ ભલે આપણી પાસે ન હોય તે છતાંય મનથી જો છૂટી જાય. તેની એષણા કે ઈચ્છા મનમાં જરાય ન હોય તો એ પણ સુક્ષ્મ પણે ત્યાગ ભાવ છે.

લોભના મોહ પર વિજય મેળવવો એટલે બંધનમાંથી મુક્ત થવું. જ્યાં સુધી આપણે કોઈ પણ વસ્તુની લાલચ, લાલસા કે મોહથી બંધાયેલા રહીશું ત્યા સુધી મુક્ત બની શકીશું નહીં. હ ું કોઈ ઉપર નિર્ભર નથી કોઈ મને ચીંતિત કરી શકે નહીં એવી પ્રતીતિ જ આમાંથી મુક્ત થવાનો માર્ગ છે. મોહ એટલે આસક્તિ એવી ભાવના છે જેને લીધે આપણે નાની કે નકામી વસ્તુઓ સાથએ એવા જકડાયેલા રહીએ છીએ કે તેને છોડવાનું મુશ્કેલ બને છે. લોભ અને મોહ એ માનવીના બે મહાશત્રુઓ છે. જે બંન્ને છુપા રુસ્તમ જેવું કામ કરે છે. જેના કારણે રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, તારું-મારું આ બધું એમાંથી જ ઊભું થાય છે. મોહ ક્યારેક બહાર ડોકિયું કરે છે. પરંતુ લોભ તો બિલકુલ દેખાતો નથી. મોહ માણસની આંખોમાં દેખાય, ક્રોધ ચહેરા પર નજરે પડે પણ લોભ તો ઉપર છેલ્લી રીતે પણ દેખાતો નથી. આને કારણે લોભવશ વ્યક્તિ પણ લોભ છુપાવી શકે છે. લોભના કારણે જ ભેગુ કરવાની અને પરિગ્રહની ભાવના વધે છે. કોઈ વસ્તુ છુટતા નતી અને મોહથી માણસ કોઈને કોઈ વસ્હતુ સાથે બંધાયેલો રહે છે. આમ આપણે આપણામાં જીવતા નથી પણ બીજી વસ્તુઓમાં જીવી રહ્યાં છીએ. પદ પ્રતિષ્ઠા ધન સંપત્તિ પ્રસિધ્ધિના મોહમાં સંઘ બની રહ્યા પછી તેની સાથેની આસક્તિ એજ આપણા જીવનનું લક્ષ્ય અને કેન્દ્ર બની જાય છે. આને કારણે આપણે પોતાની રીતે સ્વતંત્ર થઈને ચાલી, જીવી શકતા નથી. આપણે તેની ચાલે ચાલીએ છીએ. તેના દ્વારા થયેલ દુઃખના પરિતાપ આપણે સહન કરવો પડે છે. તેના આપણે ગુલામ બની જઈએ છીએ જે આપણી મજબૂરી અને માયકાગલાંપણું દર્શાવે છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

***7.49%**
(p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank


KDO

# સદિઓને અજવાળતા શ્રી પાર્શ્વશાન્તિ પ્રસાદના
# પુન:પ્રતિષ્ઠાના ઐતિહાસિક મહોત્સવસની આછેરી ઝલક

ગામ રાપરગઢવારી, અબડાસા તાલુકા, કચ્છ-ગુજરાતની ધર્મધરા પર તા. ૨૨.૦૨.૨૦૨૪ થી તા. ૨૫.૦૨.૨૦૨૪ દરમિયાન જૈનશાસનમાં ૨૩ મા તીર્થંકર શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ પરમાત્માના આહ્લાદક જિનાલય 'શ્રી પાર્શ્વશાન્તિ પ્રાસાદ' ના પુન:પ્રતિષ્ઠા મહોત્સવનું ઐતિહાસિક પ્રસંગ અનહદ ઉદારતાપૂર્વક ઉજવાયો.

સાહિત્યસમ્રાટ રાજસ્થાન દીપક, સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક, અચ્છલગચ્છનાયક પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા તથા કચ્છ-વાગડ દેશોદ્ધારક દાદાશ્રી જીતવિજયજી મહારાજાના વંશદીપક, તપાગચ્છના નૂર, અધ્યાત્મસમ્રાટ, દીક્ષાધર્મના મહાનાયક પ.પૂ.આ.ભ.શ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજા અને શ્રી નેમિસૂરિ સમુદાયવર્તી પ.પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજા આદિ વિશાળ શ્રમણ-શ્રમણી ભગવંતોની નિસ્તારક નિશ્રા.... ચતુર્વિધ શ્રી સંઘની પાવન ઉપસ્થિતમાં પુન:પ્રતિષ્ઠાનો અદ્વિતીય અવસર હર્ષોઉલ્લાસ સાથે પરિપુર્ણતાને પામ્યો.

મહોત્સવના પ્રથમ દિવસે - કુંભસ્થાપના પાટલાપૂજનની સાથે પરમાત્મા તથા સુરિભગવંતોનું શાહી સામૈયા સહ આગમન થયું. પધરામણી થઇ.

મહોત્સવના દ્વિતીય દિવસે - ૧૮ અભિષેક તથા ધ્વજદંડ કળશ અભિષેક બાદ મધ્યાન્હે પ્રવચન અંતર્ગત મહાજન, અનેક શાસન સુભટો, શ્રેષ્ઠિવર્યો, મહાનુભાવોનું તેમના જીવનમાં કરેલ ઉત્તમ શાસનકાર્યોની અનુમોદનાના ઉદ્ગાર સાથે પ્રત્યેકને મંચ પર આવકરી સહૃદયે સન્માન કરવામાં આવ્યું હતું. સંધ્યાકાળે પરમાત્માના દરબાર જવલ્લે જ જોવા મળે અકલ્પનીય મહાપૂજા-આરતીનો દિવ્ય નઝારો નિહાળી હજારો હૈયા ઓવારી ગયા હતા. તેના માટે સ્પેશિયલ રાજનગરથી ત્રણ ગજરાજો (હાથી) ને લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ અધ્યાત્મ પરિવાર દ્વારા પ્રભુવીરના શાસનની અહિંસાની ન જાણેલી બીજી બાજુને ઉજાગર કરતી 'દુસરી બાજુ' : પ્રભુવીર કી અહિંસા કી અનકહી કથા' નામની જીવંત દશ્યાવલી (નાટક) ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

મહોત્સવના તૃતીય દિવસે - બે યાદગાર ઘટના બની હતી, એક પ્રભુની પ્રતિષ્ઠા અને બીજી પ્રભુને ગમતી દીક્ષાના હજારોના દિલમાં પ્રતિષ્ઠા! દીક્ષા! દીક્ષાધર્મની મહાનાયક પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયયોગતિલકસૂરીશ્વરજી મહારાજાની બેજોડ વાણીના પ્રભાવે દીક્ષા સ્વીકારવામાં મનોરથ ધરતા ૩૩-૩૩ મુમુક્ષરત્નોના મુહૂર્તપ્રદાનનો મહોત્સવ રચાયો હતો. ઇતિહાસ સાક્ષી પૂરશે કે રાજનગર-અમદાવાદની ધરા પર થનારા સામૂહિક દીક્ષા મહામહોત્સવ 'વીરવ્રતોત્સવ' ના મંડાણ કચ્છ રાપરગઢવારીની ધરા પર થયા. દીક્ષા માટેના લાભોની યાદી નક્કી થઇ.

અત્રે ઉલ્લેખનીય છે કે જૈનસમાજના શ્રેષ્ઠિવર્ય શ્રી બાબુલાલજી ભણસાલી ઉપસ્થિત હતા. તેમણે 'વીરવ્રતોસ્તવ' સામૂહિક દીક્ષાનો સંપૂર્ણ લાભ આપવા વિનંતી કરી હતી. પરંતુ મુમુક્ષુ પરિવારોની ભાવનાને ધ્યાનમાં રાખીને સમિતિએ સમગ્ર લાભ તેમણે ન આપતા અંતે 'વીરવ્રતોસ્તવ' ના ચાર મુખ્ય લાભાર્થીઓમાં એક લાભાર્થી તરીકે તેઓ શામેલ રહ્યા હતા. એ સિવાય અન્ય અનેક લાભો મુમુક્ષુ પરિવારો દ્વારા ત્વરિત અને માતબર રકમથી લેવામાં આવ્યા હતા.

શુભ ઘડી આવતા ૩૩-૩૩ મુમુક્ષુરત્નોને 'ગુરૂયોગ' દ્વારા મુહૂર્તપ્રદાન કરવામાં આવ્યું હતું છેલ્લે પુન:પ્રતિષ્ઠાના લાભાર્થી માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર દ્વારા તે મંગલ મુહૂર્તનું સકલ શ્રી સંઘ સમક્ષ વાંચન કરવામાં આવ્યું હતું. સર્વત્ર આનંદનો સમંદર છલકાયો. રાપરગઢવારીના આસમાને વિરતિધર્મનો જયકાર ગુંજી ઉઠ્યો.

ત્યારબાદ તુરંત પ્રભુપ્રતિષ્ઠાની પવિત્ર પળો સમીપ આવતા સકલ શ્રી સંઘ નૂતન જિનાલયે એકત્રિત થયો.'જય હો પારસ તારો જય થાઓ....' હો શાન્તિ તારો જય થાઓ...' ની નવનિર્મિત ધુનથી પ્રભુમય બની ગયા હતા. પ્રભુમાં એકતાન થયા હતા. પ્રતિષ્ઠાની પળે હેલિકોપ્ટર દ્વારા આસમાનથી સમગ્ર જિનાલય પર અવિરત પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી.

મહોત્સવના ચતુર્થ દિવસે - જિનાલય દ્વારોદ્ઘાટન ભવનિસ્તારક પ્રવચન તથા ઉત્સવને અનોખી ઉંચાઇએ લઇ જનારા અનેક કર્મઠ કાર્યકતાઓનું બહુમાન તથા શ્રી સત્તરભેદી પૂજા સાથે મહોત્સવ સંપન્ન થયો હતો.

આ ઐતિહાસિક મહોત્સવમાં શ્રી સંકેતભાઇ શાહના નેજા હેઠલ તૈયાર વિવિધ સંગીતજ્ઞાઓના સુમધુર કંઠે ઉપસ્થિત તમામના ભાવોમાં ભારોભાર વૃદ્ધિ થઇ હતી. અધ્યાત્મ પરિવાર દ્વારા પાપફળને દર્શાવતી 'નરક મોઝાર' ની જીવંત રચનાવલી આદી પ્રદર્શનીએ જૈનત્તરોને પણ આશ્ચર્યચકિત કરી દીધા હતા. છેક અંતરિયાળ ગામડામાં પણ અઢળક માન મહેરામણ ઉમટ્યો હતો.

ભારતભરમાંથી મહોત્સવમાં પધારેલા આમંત્રિત મહેમાનોની રહેવાની વ્યવસ્થા જયપુરથી મંગાવેલ વિશિષ્ટ ટેન્ટ (ટેન્ટસીટી-ક.દ.ઓ. જ્ઞાતિશિરોમણી શ્રી નરશી નાથા ફરિયો અને ક.દ.ઓ. જ્ઞાતિશિરોમણી શ્રી કેશવજી નાયક ફરિયો) મા કરવામાં આવી હતી કુલ ૨૮૫ જેટલા ટેન્ટથી શોભતી ટેન્ટસીટીમાં ૧૨૦૦ આરાધકો, ૧૦ ધર્મશાળામાં દીક્ષાર્થી પરિવારોના ૧૫૦૦ તથા અન્ય... એમ અંદાજિત ૩૦૦૦ આરાધકોના ઉતારાની અવિસ્મણીય વ્યવસ્થા કરવામાં આવી હતી.

મુંબઇથી સ્પેશિયલ ચાર્ટર્ડ પ્લેન તથા ટ્રેનની સ્પેશિયલ બોગી દ્વારા મહાનુભાવોને પ્રસંગમાં આમંત્રિત કરાયા હતા. અંદાજે ૪૫૦૦ જેટલા આરાધકોએ પુન:પ્રતિષ્ઠાનો પ્રસંગ નિહાળી ધન્યતાનો અહેસાસ અનુભવ્યો હતો. પધારેલા સર્વેની ત્રણેય સમયની સાધર્મિકભક્તિ બેસાડીને ઉત્તમ ભોજનદ્રવ્યોથી કરવામાં આવી હતી.

મહોત્સવનું આકર્ષણ 'મંગલઘર' ! જેમાં અધ્યાત્મ પરિવાર દ્વારા ચાંદીના સ્વપ્ન રત્નજડિત કળશો, કલ્યાણમિત્ર શ્રી પરેશભાઇ નંદપ્રભાદ્વારા વિશિષ્ટ કોતરણીયુક્ત પરમાત્માની આંગી તથા લાભાર્થી પરિવાર દ્વારા શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ પરમાત્માની દેદીપ્યમાન આંગી, દર્શન-જ્ઞાન-ચારિત્રના ઉત્તમ ઉપકરણો શામેલ હતા.

૧૩૬ વર્ષથી અધિક પ્રાચીન એવા આ જિનાલયનું પાયાથી સંપૂર્ણ નવનિર્માણ એ ભારતની  પ્રાચીન નિર્માણશૈલીને આધારિત છે. સંપૂર્ણતા: રસાયનો રહિત અને પ્રાકૃતિક પદ્ધતિ દ્વારા નિર્મિત છે. સિમેન્ટ આદિને બદલે શુદ્ધ ચૂનાનો વપરાશ કરવામાં આવ્યો છે. પ્લાસ્ટરને મજબૂત બનાવવા માટે મેથી અન ગુડુજી સાથે ગોળ મિક્સ કરીને તૈયાર કરવામાં આવ્યુ છે. અલૌકિક કોતરણીથી શોભી રહેલા આ જિનાલયના બાવન ફૂટના વિરાટ શિખરે લહેરાતી ધજા સદીઓ સુધી દશે દિશામાં જૈનશાસનની પ્રભાવના કરતી રહેશે.

કચ્છમાં આવેલ ધરતીકંપ બાદ આ જિનાલય જીર્ણ થઇ ગયું હતુ. જીર્ણોદ્ધારની સતત આવશ્યકત હતી. ત્યારે સંપૂર્ણ જિનાલયનું સ્વદ્રવ્યથી નિર્માણ રાપરગઢવારી ગામના જ મોભી માતુશ્રી તારાબાઇ માણેકજી કેશવજી મોતા પરિવાર દ્વારા ઉત્કૃષ્ટ રીતે કરવામાં આવ્યું.

પીંગલેશ્વર બીચ ડેવલપમેન્ટ (વિકાસ) માં સરકાર તરફથી ૨૫ કરોડનું યોગદાન જાહેર થયેલ હોવાથી પીંગલેશ્વરની આજુબાજુના ક્ષેત્રો, પીંગલેશ્વરની બાજુમાં રહેલ અબડાસા (કચ્છ) ગૌશાળા ટ્રસ્ટ- રાપરગઢવારી નો વિકાસ તથા ગૌશાળામાં બગીચાના નિર્માણથી આજુબાજુના ગામોથી આવાગમન વધશે. ત્યારે અબડાસાની નાની પંચતીર્થી રાપરગઢવારીનાં જાજરમાન જિનાલયમાં પણ આરાધકોનું આવાગમન અવશ્ય વધશે.

બસ ! આ જ રીતે સાચા સુખની રાહ ખતાડનારા તીર્થંકર પરમાત્માનો પ્રભાવ સર્વત્ર વિસ્તાર પામે અને જે દ્વારા સહુ કોઇ આત્મકલ્યાણ સાધી મોક્ષપદ ને પામે એજ એકમાત્ર અંતરની અભિલાષા !

**લિ. શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને**

**ક.દ.ઓ મહાજન ટ્રસ્ટ- રાપરગઢવારી, રાપરગઢવારી નાનીસિંધોડી જૈન સંઘ**

**શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલય પુન:પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિના પ્રણામ !**

# પુનઃપ્રતિષ્ઠા પ્રસંગના ફોટો

## નવનિર્મિત જિનાલય



## કુંભસ્થાપના અને પાટલા પૂજન









## પ્રભુજીનો તથા આચાર્ય ભગવંતોનો નગર પ્રવેશ તથા જાજરમાન વરઘોડો











## પ્રભુજીનો જિનાલય માં અલૌકિક પ્રવેશ










## મંગલઘર અને પ્રદર્શની




















## ૧૮ અભિષેક તથા ધ્વજદંડ - કળશ અભિષેક












## ગુરૂ ભગવંતના માર્મિક પ્રવચન





સાહિત્યસમ્રાટ, રાજસ્થાન દક્ષિણ દિપક,
સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક, અચલગચ્છનાયક
પ. પૂ. આ. ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ



ગુરૂજિન-સયંમકૃપા પાત્ર, અધ્યાત્મ સમ્રાટ પ. પૂ.
આ. દે. શ્રી મદ્વિજય યોગતિલક સૂરીશ્વરજી મહારાજ



શાસન સમ્રાટ ને મિસૂરીસમુદાયના પ. પૂ. આ. દે.
શ્રીમદ્વિજય કુલચંદ્ર સૂરીશ્વરજી મહારાજ

## વિશિષ્ટ મહાપુજા તથા મહાઆરતી

પ્રભુવીર ના શાસનની અહિંસાની નજાણેલી બીજી બાજુને ઉજાગર કરતી
'દૂસરીબાજુ : પ્રભુવીર અહિંસા કી અનકહી કથા' નામની જીવંત દૃષ્યાવી (નાટક)












## ૩૩ દિક્ષાર્થીઓનું મુહૂર્ત પ્રદાન









# શ્રેષ્ઠિવર્યો તથા કાર્યકર્તાઓનું બહુમાન







શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજન ના પદાધિકારીઓ



અબડાસા કચ્છ ધારાસભ્ય (પ્રધુમ્નસિંહ જાડેજા)



શ્રી પ્રિતેશભાઇ શાહ (ટિકુભાઇ)



અબડાસા (કચ્છ) ગૌશાળા ટ્રસ્ટ રાપરગઢવારી વસંતભાઇ શાહ - મોહનભાઇ રાંભીયા





અધ્યાત્મ પરિવાર તથા શાંતિકનક શ્રમણોપાસક ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓ

## શ્રી પાર્શ્વશાંતી પ્રસાદનાં પુન:પ્રતિષ્ઠા ઐતિહાસિક મહોત્સવની આછેરી ઝલક
























અધ્યાત્મ પરિવાર દ્વારા પાપફળને દર્શાવતી 'નરક મોઝાર' ની જીવંત રચનાવલી આદિ પ્રદર્શની






**ટેન્ટસીટી :**

**(ક.દ.ઓ. જ્ઞાતિ શિરોમણી નરશી નાથા ફરિયો અને ક.દ.ઓ. જ્ઞાતિ શિરોમણી કેશવનાથ ફરિયો ૨૮૫ ટેન્ટસીટી માં ૧૨૦૦ અને ૧૦ ધર્મશાળામાં ૧૫૦૦ દીક્ષાર્થી પરિવારો તથા અન્ય એમ અંદાજિત ૩૦૦૦ આરાધકોની ઉતારાની વ્યવસ્થા કરાવામાં આવી હતી.**




















આદરપૂર્વક ૮૦૦ જણા બેસીને સાધર્મિક ભક્તીનો અદભુત ભોજન મંડપ








શ્રી. કમલસિંહજી રામપુરીયા
(જૈન શ્વેતાંબર તીર્થ સોસાયટી કોલકત્તા)




શ્રી. બાબુલાલજી ભણસાલી




શ્રી. દિનેશભાઇ ઠળિયા,
(મણીલક્ષ્મી તીર્થ)



શ્રી દેવેંદ્રભાઇ શાહ
(ગોવર્ધન ડેરી)




શ્રી. પ્રકાશભાઇ સંઘવી
(રત્નમણી)




શ્રી. કૈવનભાઇ સંઘવી



શ્રી મિતેશભાઇ / નંદપ્રભા પરિવાર



શ્રી મીઠાલાલજી ગાંધી મુથા



શ્રી કેતનભાઇ / શ્રી વિશ્રુતભાઇ



શ્રી બંદિશભાઇ અજમેરા



શ્રી. ટી. પી. ઓસવાલ (સી.એ.)




વાલકેશ્વર મુંબઇ ના ઉમરી પરિવાર



શ્રી રાપરગઢવારી-નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ



શ્રી. જોહીતકુમાર જૈન



શ્રી. શેખરભાઇ જૈન



શ્રી ચંદુભાઇ માયાભાઇ



શ્રી ભરતભાઇ ફોજાલાલ



શ્રી. નરેશભાઇ ચંદન, શ્રી રવીન્દ્રભાઇ સંઘવી,
શ્રી. હિમ્મતસિંહજી



શ્રી. રોહિત ભવરલાલજી દોશી
(દિલ્હી)




શ્રી. દિવ્યકાંતભાઇ સલોત




શ્રી સચિનભાઇ વૈદ,
શ્રી વિજયરાજી વૈદ - ચૈન્નાઇ,



શ્રી શૈલેષભાઇ અજબાણી




શ્રી.પંકજભાઇ શાહ
અને શ્રી. જયેશભાઇ શાહ




શ્રી. દિપકભાઇ ગોસર



શ્રી. પ્રધુમ્નસિંહ જાડેજા - ધારાસભ્ય અબડાસા




શ્રી. વેલજીભાઇ ગડા કલ્યાણમિત્ર



શ્રી. જયેશભાઇ જૈન



શ્રી. પ્રબોધન મુનવર અને શ્રી. કિરણભાઇ દંડ



શ્રી. ગોવિંદજીભાઇ પટેલ



શ્રી દેવેંદ્ર ધરમશી, શ્રી નયનભાઇ ભેદા



શ્રી ચાંપશીભાઇ લોડાયા



શ્રી. ભુપેન્દ્રભાઇ દંડ (ભુમીરાજ ગ્રુપ)




શ્રી. આષિતભાઇ કોઠારી



શ્રી. મહેશભાઇ સાવડીયા,
શ્રી. પંકજભાઇ વોરા




શ્રી. એમ. આર. રાવસાહેબ
(કમીશ્નર કંડલા પોર્ટ)



શ્રી. પારસભાઇ મૈશેરી




શ્રી પાર્શ્વશાન્તિ પ્રસાદ (રાપરગઢવારી) ના ટ્રસ્ટીઓ



શ્રી. રમેશભાઇ મોતા


શ્રી હીરાલાલ ડાઘા


શ્રી. ડોલરભાઇ લોડાયા



શ્રી ખુશાલભાઇ ધરમશી


શ્રી. કુમારભાઇ દંડ



શ્રી. મણિકાંતભાઇ ધુલ્લા


શ્રી અશોકભાઇ ગુપ્તા (દિલ્હી)


શ્રી. હિતેન્દ્ર કાંતિલાલ મોતા


શ્રી મહેંન્દ્રભાઇ ગડા


જયાબહેન વિસનજીભાઇ પાલણ મારૂ પરિવાર


શ્રી. મયુરભાઇ (ઝુપ)



શ્રી. શામજીભાઇ દંડ


શ્રી વિપીનભાઇ ગંગર



એસ. પી. શ્રી બગડીયા પુર્વ કચ્છ



શ્રી રસિકભાઇ શાહ


શ્રી. અમિતભાઇ મૈશેરી-રાયપૂર


શ્રી. પુનશીભાઇ લોડાયા-રાપરગઢ


એસ.પી. શ્રી સાગર બાગમાર (ગાંધીધામ)


શ્રી. નરેશભાઇ ટોલીયા


શ્રી. ચિરાગભાઇ શાહ


શ્રી. કીર્તીભાઇ તથા શ્રી. કમલેશભાઇ શાહ



# લાભાર્થી માતૃશ્રી તારાબાઇ માણેકજી કેશવજી મોતા પરિવાર

**આસિવાય,** જૈન સમાજના દાનવીર શ્રેષ્ઠિવર્યો, અગ્રણીઓ, કચ્છના ૫૨-૪૨ ગામોના મહાજનો શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધીપક્ષ) શ્વેતાંબર જૈનસંઘ, ક.દ.ઓ જૈન જ્ઞાતિમહાજન - મુંબઇ, ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજન, રાપર-નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ, અધ્યાત્મ પરિવાર તથા શાંતિ કનક ટ્રસ્ટ, જૈન શ્વેતાંબર તીર્થ સોસાયટી કોલકતા, મણિલક્ષ્મીતીર્થ તથા નંદપ્રભા પ્રાસાદ પરિવાર સહીત અનેક મહાનુભાવોની પ્રમુખ ઉપસ્થિતી હતી....



મહોત્સવ દરમિયાન ઉગ્ર વિહાર કરી પધારેલ પુજ્ય ગચ્છાધિપતિશ્રી, આચાર્ય ભગવંતો, સાધુ-સાધ્વીજી ભગવંતો તથા બહારથી પધારેલા ૫૨-૪૨ ગામના મહાજનો, મોભીઓ, પદાધિકારીઓ, મુમુક્ષુ પરિવાર તથા આરાધકોનું

## માતૃશ્રી તારાબાઇ માણેકજી કેશવજી મોતા પરિવાર

આભાર વ્યક્ત કરે છે.

સમગ્ર મહોત્સવ દરમિયાન વ્યવસ્થા સાચવવા કોઇ ક્ષતી રહી ગઇ હોય તો

મોતા પરિવાર કરબદ્ધ **મિચ્છામિ દુક્કડમ** માંગે છે.

# પ.પૂ.સાધ્વીશ્રી શ્રીવિનયપ્રભાશ્રીજી મ.સા. એ સંયમ જીવનના ૬૪મા વર્ષમાં પ્રવેશ કર્યો



જેઠ સુદ ૧૧ વિક્રમ સંવત ૨૦૧૭ના દિને જખૌ ગામના માવિત્ર માતુશ્રી કુંવરબાઈ પુનશી મૈશેરીના ધર્માનુરાગી, સુશીલ અને સંસ્કારી સુપુત્રી સંયમજીવન સ્વીકારી આત્મકલ્યાણના નિર્ધારિત ધ્યેય સાથે પાલીતાણા મધે પ.પૂ.આ.ભ.શ્રી નંદનસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ માતા પ.પૂ.સાધ્વીશ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. સ્વીકારી સંયમ જીવન પથનો પ્રવાસ શરૂ કર્યો.

ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ અને આરાધના કરતાં કરતાં રજત સુવર્ણ અને હીરક વર્ષ આજે વિક્રમ સંવત ૨૦૮૦ના જેઠ સુદી ૧૧ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના ૬૩ વર્ષ પૂર્ણ કરી ૬૪મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ હરખ ઘડીને સહર્ષ વધાવતા ગુરૂ ભક્તોની કામના, સદ્‌ભાવના છે કે પૂજ્ય સાહેબજી અમૃત વર્ષથી આગળ વધી સર્વોચ્ચ સિદ્ધિ શિખર એવા શતક વર્ષની ટોચે બિરાજે. શત શત વંદના પૂજ્ય મહારાજ સાહેબને.

# શ્રી ક.દ.ઓ.જૈન પશ્ચિમ એકમની જનરલ મિટીંગ તા. ૧૭મી જુલાઈ ૨૦૨૪ના

શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમની આગામી જનરલ મીટીંગ તા.૧૩-૦૭-૨૦૨૪ને શનિવાર સાંજે ૪-૩૦ કલાકે કલ્પતરૂ ફૂડ, વાપી મુકામે રાખવામાં આવેલ છે.

**મીટીંગની કાર્યસુચી (એજન્ડા)**

૧. એકમની તા.૨૫-૦૧-૨૦૨૨ની જનરલ મીટીંગની મીનીટ્સ વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.

૨. એકમના ૩૧-૩-૨૦૨૨,૨૩,૨૪ના રોજ પુરા તથા વર્ષના ઓડિટેડ હિસાબ-કિતાબ.

૩. એકમના ૨૦૨૧-૨૦૨૫ ના વર્ષ માટે અંદાજીત બજેટ,

૪. એકમના ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટે ઓડીટરની નિમણુક કરવા બાબત.

૫. એકમના ૨૦૨૪-૨૫, ૨૦૨૫-૨૬, ૨૦૨૬-૨૭, ત્રણ વર્ષની મુદત માટે કારોબારી સમીતીની રચના બાબત.

૬. પ્રમુખશ્રી અથવા પ્રમુખશ્રીની અનુમતીથી જે કાંઈ રજુઆત થાય તેના પર ચર્ચા-વિચારણા કરવા બાબત.

**નોંધ-**(૧)કોરમના અભાવે જે મીટીંગ મુલ્તવી રાખવી પડે તો ઉપરોકત સ્થાને ૩૦ મીનીટ પછી કોરમનો બાધ લીધા વગર મીટીંગની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) ફક્ત તા. ૩૦-૦૬-૨૦૨૪ સુધી નોંધાયેલા એકમના સભ્યો માટે પ્રવેશ,સભ્યોને માત્ર ડીઝીટલ માધ્યમથી જાણ કરવામાં આવે છે, વ્યક્તિગત નોટીસ મોકલવામાં આવશે નહીં.

# શ્રી અરિહંત કો.ઓ.બેંક લિમિટેડમાં ફ્રેકિંગ સુવિધા શરૂ થશે

ARIHANT BANK

મુલુંડની જનતાની અગવડતા દૂર કરવા માટે સાફલ્ય બિલ્ડિંગ, આંબેડકર રોડ, મુલુંડ વેસ્ટ સ્થિત શ્રી અરિહંત કો.ઓ.બેંક લિમિટેડની શાખામાં જાહેર જનતા માટે મંગળવાર, તા.૨ જુલાઈથી ફ્રેકિંગ સુવિધા કાઉન્ટર શરૂ થશે. જેનો લાભ સૌ કોઈ લઈ શકશે.



# SHRI HARISH MOMAYA

S/o: Jayantilalji - Gunvantiben Momaya
(10/12/1968 - 31/05/2024)

A SPARK OF SUNSHINE WHO MADE OUR LIVES BRIGHT,
A RAY OF HOPE THAT WHISPERED EVERYTHING WILL BE ALRIGHT!
A FRIEND, PHILOSOPHER AND GUIDE WHO WAS ALWAYS A GREAT DELIGHT,
AN ENTHUSIAST STORY-TELLER WHO JUST WOULDN'T SIT QUIET!

A VIBRANT RAINBOW WHO'D SPREAD COLORS EVERYWHERE HE'D GO,
A GUARDING SHIELD ALONG YOUR SIDE IN HIGHEST HIGH AND LOWEST LOW!
A MESMERIZING RIVER WHO'D HAPPILY GO WITH THE FLOW,
A DAPPER WHO LOVED DRESSING UPTODATE FROM HEAD TO TOE!

WHETHER YOU MET HIM JUST ONCE OR SHARED A GREAT BOND,
HE WOULD CAST A SPELL ON YOU BY WAVING HIS MAGIC WAND!

NOW THIS MAGIC IS GONE AND MEMORIES ARE HERE TO STAY...
STILL CAN'T GET OVER THE DAY WE LOST YOU ON 31ST MAY!!
WE'LL HOLD YOU TIGHT IN OUR HEARTS, WITH EACH PASSING DAY..
YOUR LEGACY OF 55 YEARS WOULD NEVER FADE AWAY!

DEAR HARI BABU,
WHEREVER YOU ARE WE KNOW YOU MUST BE SMILING READING THIS ODE,
WISHING YOU PEACE AND HAPPINESS IN YOUR HEAVENLY ABODE.

FOREVER IN OUR HEARTS...
WIFE: MEENABEN
SON-DAUGHTER-IN-LAW: DHARAM, KHUSHBOO
DAUGHTER: HEEYA
BROTHER-SISTER-IN-LAW: MANISHA-DHIRISH, NEHAL-HITESH
NIECE-NEPHEW-IN-LAW: DHARTI-PRATHIKJI KOTHARI
NEPHEW-NIECE-IN-LAW: AKASH-PRERNA, SAGAR-VIDUSHI, MIHIR
GRANDCHILDREN: KIAAN, PRISHA, ANIKA

**DHIRISH INTERNATIONAL - BANGALORE**
**DHARAM INTERNATIONAL - NAVI MUMBAI**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| ૨૮-૩૦ જુન ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.સર્વોદય મંડળ મુલુંડ-મહિલા વિભાગ દ્વારા આયોજિત અષ્ટવિનાયક યાત્રા પ્રવાસ |
| ૦૬ જુલાઈ ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. જૈન દેવલાલી-નાસિક રોડ સેવાભાવી સંઘ આયોજિત શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના. બપોરે ૨.૩૦ કલાકથી લાભાર્થી મા. ચંદનબેન પ્રતાપભાઈ વિશનજી ધરમશી, સુથરી |
| ૬/૭ જુલાઈ ૨૦૨૪ | નલિયામાં બિરાજમાન નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા ભાવિકોની નલિયા મુકામે સમૂહ પહેડી અને ભક્તિ ભાવના. |
| ૦૭ જુલાઈ ૨૦૨૪ | શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ આયોજિત પરમાત્મા ભક્તિ, માતૃ પિતૃ ભક્તિ, તપસ્વીઓની અનુમોદના તથા સરસ્વતી સન્માન |
| ૧૩ જુલાઈ ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.પશ્ચિમ એકમ દ્વારા વાપીમાં આયોજિત એક વિશિષ્ટ ઈવેન્ટ: Kdo Development Ocean |
| ૧૪ જુલાઈ ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બીવલી આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૧૪ જુલાઈ ૨૦૨૪ | નલિયામાં બિરાજમાન ખોના પરીવારના કુળદેવી સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની નલિયા મુકામે પહેડી. |
| તા.૮થી ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય, વરાડીયા ૧૨૨ માં ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. મુખ્ય લાભાર્થી શ્રી વરાડીયા વહુ - રાણી ગ્રુપ |
| તા.૦૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ભુજ દ્વારા આયોજિત પખાવાજ સાંજે ૬.૦૦ કલાકથી એકમ ભવન, ભુજ. |
| તા. ૭ થી ૯ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન. વારાપધર સ્થાને. |


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/3 મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## કચ્છી દશા ઓશવાળ નાતનું નજરાણું એટલે

# ‘‘પખાવાજ’’

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન શ્રી ભુજ દ્વારા ભુજ મધ્યે ‘‘પખાવાજ,, નું આયોજન કરવામાં આવેલ છે. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિનાં પખાવાજ મંડળો, મહિલા મંડળોને આ પખાવાજ કાર્યક્રમમાં જોડાવવા તથા પધારવા અહીંથી હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ. ભાગ લેનાર મંડળનું નામ, ગામ, મોબાઈલ નંબર જણાવવા વિનંતી છે.

ક.દ.ઓ. દરેક શહેર ગામનાં મંડળો આ ‘‘પખાવાજ,, કાર્યક્રમમાં ભાગ લઈ શકશે. આપણી સંસ્કૃતિ અને જુની ગાયકીને જીવંત રાખવા આ પખાવાજ કાર્યક્રમને આપણે સૌ સાથે મળી સફળ બનાવીએ.

ભુજ મધ્યે સંધ્યા ભોજન, અલ્પાહાર, રાત્રિ રોકાણની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ભાગ લેનાર મંડળોને નીચે મુજબ મોબાઈલ નંબર ઉપર મંડળ, ગામનું નામ નોંધાવવા વિનંતી છે. ફરીવાર આપ સર્વે મંડળોને ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ. સાંજે ૬ વાગે પખાવાજની રમઝટ જોવા સૌ જ્ઞાતિજનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

**તારીખ :** ૯–૯–૨૦૨૪, સોમવાર **સમય :** સાંજે ૬ વાગ્યાથી શરૂ

**સ્થળ :** એકમ ભવન, ઈલાર્ક હોટેલ પાછળ, સ્ટેશન રોડ, ભુજ–કચ્છ.

### :: સંપર્ક સુત્ર ::

- **શાંતીલાલભાઈ લોડાયા** – વડોદરા મો. ૯૮૨૪૦૧૨૯૭૧
- **ચંદ્રકાન્તભાઈ થોભણ** – વડોદરા મો. ૯૩૨૭૨૪૯૦૫૧
- **હરીશભાઈ મુનવર** – અમદાવાદ મો. ૯૮૨૫૬૫૪૧૮૯
- **પ્રબોધ મુનવર** – ભુજ મો. ૯૯૨૫૧૬૯૮૭૬
- **હિતેન છેડા** – ગાંધીધામ મો. ૯૯૭૯૬ ૬૮૬૨૯
- **ધનપતિ લોડાયા**– કોઠારા મો. ૯૯૦૯૫૨૬૯૦૯

### :: નિમંત્રક ::

**શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન ભુજ–કચ્છ.**

• પ્રમુખ પ્રબોધ એચ. મુનવર • ઉપપ્રમુખ દિલીપ આર. મોતા, નીલેશ એસ. મોમાયા
મંત્રી હીરાચંદ એલ. છેડા • સહમંત્રી હરીશ એસ. લોડાયા
• ખજાનચી મહેન્દ્ર પી. લોડાયા • સલાહકાર સભ્ય : શ્રી પ્રીતિબેન ડી. મોમાયા
તથા સર્વે કારોબારી સભ્યો અને ભુજ મહાજનશ્રીના સર્વે સભ્યો

# શ્રી કેડીઓ પશ્ચિમ એકમ

## દ્વારા આયોજિત

## KDO DEVELOPMENT OCEAN

# મેલબો ત મેલ્ધો ત જ ખેલબો

તારીખ : ૧૩.૦૭.૨૦૨૪, શનિવાર - સમય : સવારે ૯ થી સાંજના ૫ કલાક

સ્થળ: કલ્પતરુ હોસ્પિટાલિટી અને કલ્પતરુ ફૂડ, વાપી, ગુજરાત

## મુખ્ય પ્રાયોજક : કલ્પતરુ પરિવાર

## વ્યવસાય માં વૃદ્ધિ ઈચ્છો છો તો પધારો.

**શુ તમારા વ્યવસાયના વિસ્તાર ને વધારવા માંગો છો ? તો આ તક આપના માટેજ છે.**

એક સમાન વ્યવસાય ધરવાતા બિઝનેઝમેન માટે નું મંચ તૈયાર છે. શ્રી પશ્ચિમ એકમ દ્વારા આયોજિત KDO DEVELOPMENT OCEAN EVENT માં જોડાઈ તમારા વ્યવસાય ને નવી ઉંચાઈ ઉપર લઇ જાઓ.

દરેક વ્યવસાય નો વ્યાપ કેમ વધારવો તેના માટે નિષ્ણાત ઉદ્યોગપતિ ની વિચારશ્રેણી નો અનુભવ મેળવો. આજ ના સ્પર્ધાત્મક સમયમાં વેપાર ના વિસ્તૃતિકરણ અને નવીનતમ યોજનાઓ અને વ્યૂહરચના સમજવાની એક અમૂલ્ય તક.

વ્યવસાય વૃદ્ધિ માટે એકસમાન વ્યવસાયના વિકાસલક્ષી વિચારોની આપ લે, તમારા વ્યવસાયની વિસ્તૃત માહિતીનું આદાન પ્રદાન માટે નું એક મંચ.

ભારત ના દરેક શહેર માંથી પધારેલ જ્ઞાતિના સફળ વેપારી વર્ગ તેમજ નવા સાહસ, વ્યવસાય ના નવા કોન્સેપ્ટ સાથે પધારેલ ઉત્સાહિત બિઝનેસમેન નું એક મંચ ઉપર સ્થાન.

**કેડીઓ જ્ઞાતિના નાના મોટા સર્વે બિઝનેસ ના વિકાસ ને ધ્યાન રાખી**

## શ્રી કેડીઓ પશ્ચિમ એકમ ની અનોખી પહેલ...

**આવો આપણે સૌ ભેગા મળી જ્ઞાતિના વિકાસ ના સાક્ષી બનીએ...**

**વધુ માહિતી અને RSVP માટે સંપર્ક:**

**કન્વીનર: ચંદ્રેશ નાગડા - 99090 99250**

**સહ કન્વીનર:**

રાજેશ ધરમશી - 99250 38896 બેલા નાગડા - 99987 55405 પરેશ શાહ - 99030 599918

## શ્રી કેડીઓ પશ્ચિમ એકમ

શ્રી કમલેશ દંડ, પ્રમુખશ્રી
98250 42208

શ્રી મુકેશ લોડાયા, સેક્રેટરીશ્રી
94264 03337

# શત્રુંજય તીર્થની નવાણુ સફળ યાત્રા કરનાર હૈદ્રાબાદની ૧૩ યુવતીઓની શ્રધ્ધાભાવને નમન




શત્રુંજ્ય-પાલિતાણાની નવાણું યાત્રા સફળતાપૂર્વક કરનાર હૈદ્રાબાદની જ્ઞાતિની ૧૩ યુવતીઓની શ્રધ્ધા ભાવને ખરેખર નમન છે. શિખરની ઊંચાઈ ૨૨૨૧ મીટર એટલે કે ૩૨૮૮ ફૂટ છે અને ૩૭૫૦ પગથિયા ચડીને ટોચ પર પહોંચાય છે. ધર્મ આસ્થા ધરાવતી આ સર્વે યુવતીઓનું હૈદ્રાબાદ સંઘએ સન્માન કર્યું હતું.

યુવતીઓની નામાવલિ ૧) રેહા વૈશાલી સંજય લાલકા ૨) કુવિરા નેહલ મિતેશ મોતા ૩) તાત્વિકા હિનલ ભાવેશ લોડાયા ૪) મૈત્રી લક્ષ્મી ભરત લોડાયા ૫) ચિન્માઈ વંશિકા કમલેશ લોડાયા ૬) વિધી શીતલ રૂપેશ મોમાયા ૭) હેત્વી શીતલ રૂપેશ મોમાયા ૮) હેલી દર્શના રાકેશ મોમાયા ૯) નિકિતા વર્ષા યોગેશ નાગડા ૧૦) ઝલક સેજલ યોગેશ નાગડા ૧૧) ચિન્મયી ભાવિની નીતિન દંડ ૧૨) ડોલી ભાવિની નીતિન દંડ ૧૩) નિધિ નમ્રતા કમલેશ દંડ

---

## નર્સરીથી ધોરણ ૧૦ માટે શાળા ફ્રી તથા પુસ્તક સહાય માટેના અરજી ફોર્મ બાબતે

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા તેરાવાલા શાળા ફી અને પુસ્તક સહાયક ફંડ દ્વારા નર્સરીથી ધોરણ ૧૦ માટે શાળા ફી તથા પુસ્તક સહાય માટેના અરજી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૪ છે.

અરજી ફોર્મ kdoedu.com વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી સંપૂર્ણ વિગત સાથે ભરીને સંસ્થાના કાર્યાલય શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પ, લક્ષ્મી નિવાસ, કામાલેન ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬. મો.નં.૮૬૫૭૬૩૭૩૨૦ એ સરનામે કુરીયરથી મોકલી આપવા અરજી ફોર્મ સાથે વાલીના આધારકાર્ડ, પેનકાર્ડ તથા જે બેંકમાં ખાતું હોય તે બેંકના કેનસલ્ડ ચેકની ફોટો કોપી મોકલવી અગત્યની રહેશે. વધુ વિગત માટે સંપર્ક હીરાચંદભાઈ દંડ-૭૭૩૮૫૦૮૧૫૦




# સંજીવની કેસ નં.૧૪૫ માટે જરૂરી રકમ રૂા.૨.૨૦ લાખ જમા થઈ જતા અરજી ક્રાઉડ ફંડિગમાંથી પરત ખેંચી લેવાઈ




૬૯ વર્ષીય વર્ધમાન લખમશી લુઠિયા, નાની ખાવડી-ડોંબિવલીને ડાયાબિટિશને કારણે જમણા પગ અંગૂઠાને ગેંગરીનને કારણે એપ્રિલ મહિનામાં કાપી નાખવો પડ્યો હતો અને હવે અંગ વિચ્છેદન જાગ પર નોન હિલિંગ અલ્સર ઉદભવ્યું છે જેની ઉપર ડેબ્રીડમેન્ટ સાથે રિવિઝન એમ્પ્યુટેશન કરાવવાની જરૂરત છે.

દર્દી નિવૃત છે. પત્ની સાંધવ ભોજનાલયમાં નોકરી કરતાં હતા. પુત્ર દુકાનમાં સેલ્સમેન તરીકે સર્વીસ દ્વારા ન્યૂનતમ પગાર મેળવે છે. કોઈ મેડિક્લેમનું પીઠબળ નથી કે નથી કોઈ બચત. આકસ્મિક બીમારીની આપદામાં પરિવાર ઉપર હોસ્પિટલ સારવારનો રૂા.૨.૨૦ લાખનો ખર્ચની ચિંતા માથે આવી. અસહાય અવસ્થામાં સપડાયેલ વર્ધમાન લુઠીયાએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે સંજીવની યોજના માટે અરજી મૂકી.

મેડિકલ સમિતિ પોતાની આદર્શ પ્રણાલી મુજબ અરજી સાથે એટેચડ કાગળોનો અભ્યાસ કરી, સદર કેસ અરજી માટે જરૂરી રકમ રૂા.૨.૨૦ લાખ જમા કરવા ક્રાઉડ ફંડિગ માટે મૂક્યો. આજ સુધીના દરેક કેસ મુજબ આ અરજી માટેનું ભંડોળ નોંધપાત્ર સમયમાં જમા થઈ જતાં સદર કેસ નં.૧૪૫ની ટહેલ ક્રાઉડ ફંડિગમાંથી પાછી લઈ લેવાઈ.

મેડિકલ સંજીવની સમિતિની ભરોસાપાત્ર યોજના જે અચાનક બીમારીને કારણે આપદામાં જ્ઞાતિજનો મૂકાય છે તેમને સાથ, સધિયારો અને મદદ માટે હાથ લંબાવી હૂંફ આપે છે. મેડિકલ સમિતિનું પીઠબળ ઉદારદિલ મુલ્યવાન દાતાઓ, મહાજનો, ટ્રસ્ટો, એકમો અને પરગજુ વ્યક્તિઓનો છે. જેઓના કારણે જ મેડિકલ સમિતિ જ્ઞાતિજનોને સંજીવની સહાય તત્કાળ આપી મદદરૂપ બને છે. સૌ માનવતા સમર્પિત જ્ઞાતિ હિતેચ્છુ દાતાઓની શત શત અનુમોદના, વંદના.

# કોઈમ્બતુર સંઘમાં શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયનો ધ્વજારોહણ મહોત્સવ ઉત્સાહ ઉમંગ સાથે સંપન્ન થયો









તા.૧૨ જૂન બુધવાર દિને દક્ષિણ ભારત વિભાગના કોઈમ્બતુર નગર સંઘના શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયનો ધ્વજારોહણ મહોત્સવ પ.પૂ.સાધ્વીશ્રી ડૉ.હર્ષનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ની પાવન નિશ્રામાં ઉત્સાહ ઉમંગ સાથે સંપન્ન થયો. લાભાર્થી પરિવાર માતુશ્રી શ્રીમતી મધુરીબેન કિશોરભાઈ દામજી ડાઘા પરિવાર વરાડિયાવાળા રહ્યાં હતાં.

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ

**ડૉ.લહેરચંદભાઈ ઓશવાલ**
તા.૧૬ જૂન (ઉ.૯૪)
ગોએરસમા-ચેમ્બુર



**પુરબાઈ લોડાયા**
તા.૨૨ જૂન (ઉ.૯૧)
આરીખાણા-મુલુંડ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● પ્રવાસનની પાંખે ઊડી વિકાસ પામતા બન્ની ગ્રાસલેન્ડમાં થોડા સમય બાદ ચિંકારા ફરતા જોવા મળશે. જે અહીં આવનારા પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બનશે. સરકારની મંજૂરી બાદ અહીં ચિતા બાદ ચિંકારા સંવર્ધન કેન્દ્રના નિર્માણની તૈયારીઓ આરંભાઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. મુખ્યત્વે પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલો બન્ની વિસ્તાર સફેદ રણના આકર્ષણને પગલે વિશ્વના પ્રવાસનું નકશામાં સ્થાન પામ્યા બાદ આ વિસ્તારની કાયાપલટ થઈ છે. અલગ અલગ જાતિના ઘાસ માટે જાણીતો બન્ની વિસ્તાર ખારઈ ઊંટ, લાખેણી કુંઢી ભેંસ, હસ્તકળાની રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ મેળવ્યા બાદ થોડા સમય પહેલાં સરકાર દ્વારા ચિતા સંવર્ધન અને સંરક્ષણ કેન્દ્રને મંજૂરી અપાઈ હતી. ત્યારબાદ હવે બન્નીની યશકલગીમાં ચિંકારા પ્રોજેક્ટ દોઢ હેક્ટર વિસ્તારમાં આકાર પામશે આ માટે રાજ્ય સરકાર ૫૦ લાખની ફાળવણી કરી છે.

● બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા પ્રો. અજિત શાહના એક્ષ્પોર્ટના નિઃશુલ્ક ક્લાસ ગુજરાતી સમાજ ભવન, જોગેશ્વરીમાં ૧૨ સપ્તાહ સુધી લેવાયા. દર શનિવારે રાતે ૭ થી ૯ સમય દરમ્યાન આ ટ્રેનિંગ કોર્સમાં આયાત નિકાસ શું છે? નિકાસના નિયમો નિકાસ માટે ખરીદનારઓનું લિસ્ટ મેળવવું, ડોક્યુમેન્ટસ નિકાસના ઈન્સેન્ટિવ, ફોરેન એક્સચેન્જ ઉપરાંત બીજા અનેક પાસાઓ વિશે પધ્ધતિસર જાણકારી આપવામાં આવી હતી. કોર્સ પુર્ણ કરનાર તાલીમાર્થીઓને સર્ટિફિકેટ અપાયા હતા.

● ઓમકાર ધ્યાન તીર્થ ખાતે ગીતકાર, સંગીતકાર અને લેખક ડૉ.કૃપેશ ઠક્કરને ગુરૂમૈયા હરેશ્વરી દેવીના હસ્તે સંગીત સાહિત્યરત્ન એવોર્ડ એનાયત કરાયો. ડૉ.કૃપેશના આજ સુધી ૧૦૦ થી વધુ ગીતો વિશ્વ સ્તરે લોન્ચ થઈ ચૂક્યા છે. તેઓ મ્યૂઝિક થેરાપીસ્ટ તરીકે સેવા આપે છે.

● સંગીત નાટ્ય અકાદમી નવી દિલ્હીના અધ્યક્ષા તરીકે છેલ્લાં દોઢ વર્ષથી ફરજ બજાવતા મૂળ માંડવીના ભાટીયા પરિવારના ડૉ.સંધ્યાબેન પુરેચા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૩૦ થી વધારે માન અકરામ સન્માન એવોર્ડ મળ્યાં છે. પુસ્તકો ઉપરાંત સાહિત્ય રચ્યું છે. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર સહિત દેશની અનેક કલા સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. વિભિન્ન લોકકળા અને લોકસંગીતથી વૈવિધ્ય સભર દેશના લોક કલાકારોને સાંસ્કૃતિક આદાન પ્રદાન દ્વારા એકબીજાની કલાનો પરિચય કરાવી સમગ્ર દેશના કલાકારોને મંચ પૂરો પાડવાના ઉદ્દેશ સાથે દેશ જ નામથી કાર્યક્રમોની શ્રૃંખલાનો આરંભ કર્યો છે. જેનો એક પ્રોગ્રામ ભુજ મધ્યે સ્મૃતિવન સ્થળે ત્રિદિવસીય યોજાયો હતો.

● લોકસભા ચૂંટણીમાં ભાજપ તરફથી ત્રીજી ટર્મ માટે પસંદગી થયેલ કચ્છ-મોરબીના સાંસદ વિનોદ ચાવડા એ ૧૦ વર્ષમાં સાંસદ ગ્રાન્ટમાંથી ૩૭ કરોડથી વધુની રકમ ખર્ચી નાખી છે. આ દસ વર્ષના ગાળામાં કચ્છ અને મોરબી જિલ્લાને આવરી લઈ ૧૩૯૫ કામની દરખાસ્ત કરવામાં આવી હતી. તેમાંથી ૯૭૮ કામ વહિવટી મંજૂરીના તબક્કે પહોંચ્યા તેમાંથી અધિકાંશ કામો પૂર્ણ થઈ ગયા છે. લોકસભા અને રાજ્ય સંસદના સભ્યને સંસદીય સ્થાનિક ક્ષેત્ર વિકાસ માટે પ્રતિ વર્ષ પાંચ કરોડની ગ્રાન્ટ ફાળવાતી હોય છે. પણ કોરોના કાળના બે વર્ષમાં આ સુવિધા અટકાવાઈ હતી. જેના કારણે આ બે નાણાંકીય વર્ષમાં ગ્રાન્ટની ફાળવણી શક્ય બની નહોતી બે ટર્મના સાંસદ વિનોદ લખમશી ચાવડાએ કચ્છના ૬૯૫ અને મોરબીના ૨૮૨ ઉપરાંત બનાસ કાંઠા માટે એક મળી કુલ્લ ૯૭૮ કામ પૂર્ણ થયા.

● હાલના સમયમાં સીસીટીવી કેમેરાની ત્રીજા નેત્રની ભૂમિકા રહેતી હોવાથી અબડાસા તાલુકાના કોઠારા-સુથરી વચ્ચે પશ્ચિમ કચ્છ પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ વધતી ગુનાખોરીને ડામવા તથા ગુનાઓના ભેદ ઉકેલવાના હેતુથી ચાર રસ્તા પર જ સીસીટીવી કેમેરા જ્યારે તુતરા ચેક પોસ્ટ પર ૨ સીસીટીવી કેમેરા લગાવામાં આવ્યા છે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

## 80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA